ઉલ્લાસમય માહોલમાં ગરબાનુ સમાપન

ત્રણ કેન્દ્રીય મંત્રીઓએ કલ્ચરલ ફોરમની મહાઆરતીની તસવીરો ટ્વિટ કરી : ગાંધીનગર કલ્ચરલ ફોરમની દિવ્ય અને ભવ્ય નવરાત્રીનું સમાપન : પ્રિયંકા પરમાર બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ ઓફ નવરાત્રી રહ્યા : પ્રિન્સ તરીકે નીરવ પંચાલ વિજેતા થયા

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમની દિવ્ય અને ભવ્ય નવરાત્રીની પ્રશંસનીય નોંધ કેન્દ્રીય મંત્રીમંડળે લીધી છે. જીસીએફ ગ્રાઉન્ડમાં અષ્ટમીએ યોજાયેલી મહાઆરતી અને શિવ-શક્તિના સમન્વયની અંકિત થયેલી છબી કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, શ્રી પિયુષ ગોયલ અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ટ્વિટ કરી છે. ગુજરાતના ગૃહ અને મહેસુલ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહા આરતીની તસ્વીર ટ્વિટ કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટેલીફોન દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીને શુભેચ્છાઓ પાઠવીને સફળ આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રીકૃષ્ણકાંતભાઈ જહાએ છેલ્લા દિવસે રાજ્ય સરકાર, વહીવટી તંત્ર, તમામ પ્રચાર માધ્યમો અને ઓથોરિટીનો આભાર માન્યો હતો. દશેરાની રાત્રે ગાંધીનગર કલ્ચરલ ફોરમના જીસીએફ ગ્રાઉન્ડમાં મેગા ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. નવે-નવ દિવસના વિજેતા ખેલૈયાઓ વચ્ચે યોજાયેલી મેગા ફાઈનલ સ્પર્ધામાં ૨૫૦ જેટલા ખેલૈયાઓએ ભાગ લીધો હતો. ધ બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ ઓફ નવરાત્રી ૨૦૨૨ તરીકે પ્રિયંકા પરમાર વિજેતા થયા હતા. જ્યારે બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સ ઓફ નવરાત્રી ૨૦૨૨ તરીકે નીરવ પંચાલ વિજેતા થયા હતા. બંને વિજેતાઓને રીજ પ્લસ ઈલેક્ટ્રીક સ્કૂટરનું ઈનામ અપાયું હતું. આ કેટેગરીમાં સોનલ નાયી અને સૌરભ ઈન્દ્રેકર રનર્સ અપ રહ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીની શ્રેષ્ઠ જોડી-બેસ્ટ પેર ઓફ નવરાત્રી ૨૦૨૨ નો ખિતાબ નિર્મલ શ્રીમાળી અને કરિશ્મા પાટડીયાને ફાળે ગયો હતો. જ્યારે ધીરજ પરમાર અને અંકિત સોનીની જોડી રનર્સ અપ રહી હતી. ૩૫ વર્ષથી વધુ વયના ખેલૈયાઓની કેટેગરીમાં બેસ્ટ ક્વીન ઓફ નવરાત્રી તરીકે હેતલ ભટ્ટી વિજેતા થયા. હતા જ્યારે બેસ્ટ કિંગ તરીકે ભૌમિક ચૌહાણ વિજયી થયા હતા. આ કેટેગરીમાં મેઘા ભટ્ટ અને કૃણાલ શાહ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ ઓફ નવરાત્રીનું નામ ઈશાની પટેલ જીત્યા હતા જ્યારે પ્રિન્સ તરીકે તીર્થ ગોસ્વામી વિજેતા થયા હતા. આ કેટેગરીમાં નૈયા ચૌધરી અને અનુરાગ શાહ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ટીનેજર પ્રિન્સેસ તરીકે મિલ્સી પંડ્યા વિજેતા થયા હતાઅને બેસ્ટ ટીનેજર પ્રિન્સ તરીકે યુગ પંડ્યા વિજયી થયા હતા. આ કેટેગરીમાં આસ્થા શાહ અને જૈમીન મકવાણા રનર્સ અપ રહ્યા હતા. સાત થી બાર વર્ષની વયના ખેલૈયાઓની બેસ્ટ કીડ કેટેગરીમાં નવ્યા શાહ અને પ્રિયાંશ રજવાણીયા વિજેતા થયા હતા. જ્યારે માન્યતા ભાવસાર અને ઓમ નાગર રનર્સ અપ રહ્યા હતા. સાત વર્ષ સુધીના બાળ ખેલૈયાઓની બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીમાં માહીરા પંડ્યા અને ઉર્વીલ દેલવાડીયા વિજેતા થયા હતા. જ્યારે તથ્વી પ્રજાપતિ અને હાર્દ સાવલિયા રનર્સ અપ રહ્યા હતા. નિર્ણાયક તરીકે શ્રી નીતિનભાઈ બી. દવે, ડોલી દેસાઈ, અમૂલ ખોડીદાસભાઈ પરમાર, રૂચા ભટ્ટ અને સોનલ મજમુદારે અમૂલ્ય સેવાઓ આપી હતી.

શનિવારે સે. ૨-સી ખાતે રામચરિત માનસ કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

તારીખ ૮ ઓક્ટોબરના રોજ રામચરિત માનસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે સેક્ટર-૨ ગણેશ મહોત્સવ સમિતિ વસાહત મંડળ તેમજ ગોપી મહિલા મંડળ દ્વારા આયોજિત કરવામાં આવ્યુ છે. બપોરે ૩ થી સાંજના ૫ કલાક સુધી સેક્ટર-૨-સી ગણેશ ચોક ખાતે કથા યોજાશે. જેમાં પોથીયાત્રા પ્લોટ નં. ૧૫૯૫/૨ સેક્ટર-૨-સી, ગોપી મહિલા મંડળ દ્વારા શનિવારે બપોરે ૨.૩૦ કલાકે વાજતે-ગાજતે નીકળી કથા સ્થળે જશે. કથા દરમ્યાન વિવિધ ઉત્સવો ઉજવાશે. કથાની ૧૬મીએ રવિવારે પૂર્ણાહૂતિ બાદ પોથીયાત્રા કથા સ્થળેથી રાજેન્દ્ર પારેખના નિવાસસ્થાન પ્લોટ નં. ૯૭૧/૧ સે. ૨-સી ખાતે પહોંચશે. કથાપ્રેમી મહાનુભાવો તેમજ વસાહતીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા કક્ષાની "૩૦ મી રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૨" સ્પર્ધા ના વિજેતા જાહેર કરવામાં આવ્યા.

ગાંધીનગર, તા.૦૬

ભારત સરકાર નાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તક નાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એંન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે "રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા નું આયોજન સમ્રગ દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિધ્યાર્થીઓમાં નાનપણથીજ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમનામાં વૈજ્ઞાનિક સંશોધન વ્રુતિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદભવ થાય તે છે. ગાંધીનગર જીલ્લા કક્ષાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત માં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય વિષય આરોગ્ય અને સુખાકારી માટે ઈકોસીસ્ટમ ની સમજણ રાખવામાં આવ્યો હતો અને તેના પાંચ પેટા વિષયો આધારિત પ્રોજેક્ટો વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની જુદી-જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ધ્વારા તેમને કરેલ સંશોધનો ખુબજ સરસ રીતે રજુ કરવામાં આવ્યા હતા. જેમાંથી ગાંધીનગર જીલ્લાના બેસ્ટ ૧૦ પ્રોજેક્ટો રાજ્યકક્ષા માટે પસંદગી કરવામાં આવ્યા. જેમાં સ્વસ્તિક ઉચ્ચતર માધ્યમિક શાળા, મોટેરા, ગાંધીનગર, રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, સરગાસન, , બોરીજ સરકારી પ્રાથમિક શાળા, બોરીજ, ચૈતન્ય સ્કૂલ,મુ.લેકાવાડા,મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, શ્રીમતી. એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા સેક્ટર-૨૩,શ્રીમતી.આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા સેક્ટર-૨૩, સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૩૦,ગાંધીનગર, સબાસપુર પ્રાથમિક શાળા મુ.સાબાસપુર,કલોલ,ગાંધીનગર શાળાના વિદ્યાર્થીઓ ગુજકોસ્ટ ધ્વારા આગામી માસમાં યોજાનાર રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધામાં ગાંધીનગર જીલ્લાનું રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.અનિલભાઈ પટેલે વિજેતા શાળાઓ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

કુડાસણ સ્થિત શ્રીફળ હાઈટ્સ એપાર્ટમેન્ટ ખાતે નવરાત્રી મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આઠમના દિવસે સોસાયટીની બહેનોએ ફૂલોની રંગોળી કરી હતી. ફૂલોની આ અનોખી રંગોળી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

વાવોલમાં પરંપરાગત શેરી ગરબાની જહોજલાલી હજુપણ અકબંધ..!!

આશરે અઢીસોથી વધુ વર્ષથી નવરાત્રીમાં પરંપરાગત રીતે માંડવડી સ્થાપન સાથે યોજાતી શેરી ગરબીઓ : કાષ્ઠની કલાત્મક માંડવી સાથે માતાજીનું સ્થાપન : સાત્વિક ગરબાં સાથે ભક્તિનો માહોલ

ગાંધીનગર, તા.૦૬

આદ્યશક્તિ મા નવદુર્ગાની આરાધનાનું પર્વ નવરાત્રિ શહેરમાં બોલબાલા વધુ જણાતી હોય પરંતુ હજુ પણ પરંપરાગત રીતે યોજાતા અનેક શેરી ગરબા પણ તેનું મહત્વ વિસ્તારમાં આશરે અઢીસો વર્ષથી નવરાત્રીમાં પરંપરાગત રીતે માંડવડી સ્થાપન સાથે યોજાતી શેરી ગામની સાંકડી શેરીઓ વચ્ચે નાનકડાં ચોકમાં અહીં ગરબાંની રમઝટ જામે છે અને ખેલૈયાંઓ વર્ષો જુની કાષ્ટની કલાત્મક માંડવડીમાં માતાજીનું સ્થાપન કરાય છે. અન્ય શેરી નવરાત્રીની ખિલખિલાટ રમતાં ભૂલકાંઓ સાથે શેરીમાં "જુની સ્ટાઈલ"માં હારબંધ ગરબા રમાતા હોય તે દ્રશ્ય ગામના વસેલાં પરિવારો નવરાત્રીમાં અચુક હાજરી આપવા આવે છે. સ્થાનિક અગ્રણી તથા વડીલ અમરસિંહજી ગામની શેરીઓમાં આ માંડવીઓ પર એક સમયે એટલી બધી ભીડ જામતી હતી કે તે ભીડને ખાળવાં

વાવોલની ભાગોળે આઠમ-નોમના ગરબામાં ભીડ ઉમટી

વાવોલ ગામની ભાગોળે મહાકાળી માતાના અને વારાહી માતાના મંદિર વચ્ચેના ચોકમાં માત્ર નવરાત્રી દરમ્યાન માત્ર આઠમ અને નોમ દરમ્યાન જ ગરબા યોજાય છે. માત્ર નવરાત્રીના છેલ્લાં બે નોરતાં દરમ્યાન યોજાતાં ગરબામાં જાણીતા કલાકારો દ્વારા ડીજે સાઉન્ડ સિસ્ટમ સાથે જામતી ગરબાની ધૂમને માણવા માત્ર વાવોલ જ નહીં પરંતુ આસપાસના અન્ય કેટલાંક ગામો જેવા કે કોલવડા, ઉવારસદ, પુન્દ્રાસણ, ટીંટોડા, મોટી આદરજ, રાંધેજા સહિતના ગામોમાંથી પણ ગ્રામીણ જનતા ઉમટી પડે છે અને મેળાનો માહોલ સર્જાય છે. આ વર્ષે પણ અહીં ગરબામાં ખૂબ મોટી ભીડ ઉમટી હતી અને ખેલૈયાઓએ મનમુકીને પરંપરાગત ગરબાંની મોજ માણી હતી.

હરિનગર સોસાયટીમાં લાઇવ પરફોર્મન્સ સાથે ગરબાની ધૂમ

વાવોલની જૂની સોસાયટીઓ પૈકીની એક હરિનગર સોસાયટીમાં વસતાં આશરે સાડા ત્રણસોથી વધુ પરિવારો વચ્ચે એક જ શેરી ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ શેરી ગરબા આજે પણ એકમાત્ર એવા શેરી ગરબા છે જ્યાં પેનડ્રાઈવ કે યુ-ટ્યુબ પરના નોનસ્ટોપ ગરબાંને બદલે સ્ટેજ પરથી કલાકારોના લાઈવ પરફોર્મન્સ સાથેના ગરબાં યોજાય છે. હરિનગર વસાહતના પ્રમુખ કચરાજી કે. ગોલના નેતૃત્વ હેઠળ નવરાત્રી મંડળના અગ્રણીઓ ડૉ.મંડલી, બાબરીયાભાઈ, દશરથભાઈ, ત્રિવેદીભાઈ, પ્રવિણસિંહ વાઘેલા વગેરે સહિતના હોદ્દેદારો તમામ આયોજનને સુપેરે સંભાળી લે છે. અહીં ગરબા ગાવા આવતી બાળાઓ અને ભૂલકાંઓને લ્હાણી પણ મળે છે અને દરેક વસાહતીઓ માટે સમુહમાં નાસ્તાં-પાણીની વ્યવસ્થા પણ કરાય છે.

માતાજીનો ઇલેક્ટ્રોનિક ઝુલો આકર્ષણનું કેન્દ્ર

વાવોલ ગામની શેરીમાં એક ઘરના ઓટલે ઝગમગ રોશની સાથે મહાકાળી માતાજીને ઝુલાવતો ઈલેક્ટ્રોનિક ઝુલો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ઝુલાની આસપાસ બે સિંહની પ્રતિકૃતિઓ સાથે કરાયેલી સજાવટ અહીંથી પસાર થતાં દરેકને બે ઘડી નિહાળવા થોભાવી દે છે અને નાનકડાં હિંચકાની દિવ્યતા માતાજી સમક્ષ આપોઆપ શિશ નમાવવા પ્રેરિત કરે છે.

રંગેચંગે ઉજવાઈને સમાપન પામ્યું છે. આજના યુગમાં નવરાત્રિમાં ભલે પાર્ટી પ્લોટના ગરબાની અને જાહોજલાલી જાળવી રાખવામાં સફળ રહ્યાં છે. ગાંધીનગરના વાવોલ ગામ ગરબીઓનું સ્થાન ગ્રામજનોએ અકબંધ સાચવી રાખ્યું છે જ પરંતુ તે સાથે સાથે ગામની ભાગોળે મહાકાળી મંદિરના સાનિધ્યમાં માત્ર આઠમ અને નોમ એમ બે દિવસ માટે જ યોજાતાં ગરબા પણ માત્ર વાવોલ જ નહીં પરંતુ આસપાસના ગામોની ગ્રામીણ જનતા માટે હજુ પણ આકર્ષણનું કેન્દ્ર છે.

વાવોલ ગામમાં ભટ્ટની માંડવી તરીકે ઓળખાતા પરંપરાગત શેરી ગરબામાં એક સમયે હકડેઠઠ ભીડ જામતી હતી. જોકે હવે પહેલાં જેટલી ભલે ભીડ જામતી નથી પરંતુ આજે પણ અહીં મન મુકીને ગરબે ઘુમે છે. આસપાસના વાસમાં રહેતા યુવાનો આ ગરબાના આયોજન માટે નવરાત્રીના એકાદ માસ અગાઉથી તૈયારીઓ શરૂ કરે છે અને દાતાઓ પાસેથી દાન એકત્ર કરવા ઉપરાંત માંડવીનું સ્થાપન અને સજાવટ, રોશનીનો ઝગમગાટ, સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા વગેરે સાથે અહીં વર્ષો જુની લ્હાણી પ્રથા પણ હજુ જોવા મળે છે. ભટ્ટની માંડવીની બે-ત્રણ શેરી દૂર ત્રિવેદી યુવક મંડળ દ્વારા યોજવામાં આવતી માંડવી પણ આ જ પ્રકારની શેરી નવરાત્રીના આયોજન માટે પ્રસિદ્ધ છે. અહીં જેમ આરતી, ભોગ-થાળ, સ્તુતિ અને છડી વગેરે ગવાય તે સાથે આધુનિક એલઈડી સિરિઝ લાઈટીંગની સજાવટ સાથે આસપાસના મકાનોના ઓટલાં કે પરસાળમાં બેસીને ગરબા નિહાળતા વડીલો અને ચોકમાં વચ્ચે જાજરમાન ઈતિહાસની સાક્ષી પુરે છે. આજે ભલે શેરીઓમાં મકાનો ધાબાવાળાં પાકાં બની ગયાં છે તો કેટલાંક ખંડેર થઈને રિનોવેશનની રાહ જોઈ રહ્યાં છે પરંતુ આજે પણ આ મકાનો છોડીને સેક્ટરમાં કે નવા વિકસેલાં વિસ્તારની સોસાયટીઓમાં ગોલ હોય કે બિલ્ડર દેવેન્દ્રસિંહ ગોલ હોય ગરબા દરમ્યાન તેમના સહિત સ્થાનિક અગ્રણીઓની હાજરી મહત્વનું પરિબળ બની રહે છે. અહીં માતાજીના સાત્વિક ગરબાં સાથે ભક્તિનો માહોલ આપોઆપ સર્જાય છે. એવું કહેવાય છે કે વાવોલ નવરાત્રીના અંતિમ બે દિવસ એટલે કે આઠમ અને નોમના દિવસે ગામની ભાગોળે મહાકાળી માતાના અને વારાહી માતાના મંદિર વચ્ચેના ચોકમાં ગરબાં શરૂ કરવામાં આવ્યાં અને આજે તે બે નોરતાંના ગરબાં વાવોલ ગામની મુખ્ય નવરાત્રી બની ચુક્યાં છે.